# FAQ

## નવી પ્રાથમિક શાળા (ધોરણ ૧ થી ૫, ધોરણ ૬ થી ૮) નોન ગ્રાન્ટેડ શરૂ કરવા અંગેની પ્રશ્નાવલી

**(૧) નવી પ્રાથમિક શાળા(ધોરણ ૧ થી ૫, ધોરણ ૬ થી ૮) નોન ગ્રાન્ટેડ શરૂ કરવા કોણ અરજી કરી શકે?**

મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ હેઠળ અથવા મંડળી રજીસ્ટ્રેશન એકટ-૧૮૬૦ (સન ૧૮૬૦ ના ૨૧ માં) હેઠળ રજીસ્ટર્ડ થયેલ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાથી અથવા કંપની અધિનિયમ ૧૯૫૬ (સન-૧૯૫૬ના પહેલા)ની કલમ-૨૫ હેઠળ રજીસ્ટર્ડ થયેલી હોય એવી સંસ્થા કરી શકશે. જે સંસ્થા રજીસ્ટર્ડ થયેલ ન હોય અથવા રજીસ્ટ્રેશન માટે અરજી કેરલ હોય પરંતુ રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર ન મળેલ હોય તે અરજી કરી શકશે નહિ.

**(૨) નવી ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવા અરજી કયારે કરી શકાય?**

દર વર્ષે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર તરફથી જાહેર વર્તમાન પત્રોમાં ડિસેમ્બર અથવા જાન્યુઆરી માસમાં જાહેરાત આપી આગામી શૈક્ષણિક વર્ષથી ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવા અરજી કરવા અંગે સમય મર્યાદા સાથે જાહેર કરવામાં આવે છે તે પ્રમાણે અરજી કરવાની હોય છે.

**(3) અરજી કેવી રીતે કરવાની હોય છે?**

નવી ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવાની અરજી જાહેરાતમાં આપેલ વેબસાઇટ ઉપર ઓનલાઇન કરવાની હોય છે.

**(૪) સામાન્ય રીતે અરજી કરવા માટેની વેબસાઇટ કઇ હોય છે?**

ઓનલાઇન અરજી માટે નીતેની વેબસાઇટનો ઉપયોગ કરવો.

www.ptcgujarat.org

www.vidyasahayakgujarat.org

**(૫) નવી શાળા મંજુરી માટે સરકારી ફી કેટલી હોય છે?**

નવી શાળાની મંજુરી માટે રૂ. ૨૫૦૦૦/- યુનિટ દિઠ ભરવાના હોય છે. દા.ત. કોઇ ટ્રસ્ટ ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ એક બંને યુનિટ શરૂ કરવા માંગતા હોયતો કુલ રૂ. ૫૦૦૦૦/- હજાર ફી પેટે જમા કરાવવાના હોય છે. જો વધારાના વર્ગ ખોલવાના હોયતો વર્ગ દીઠ ૫૦૦૦/- ફી ભરવાની હોય છે.

**(૬) નવી પ્રાથમિક શાળા માટે નિયત કરેલ ફી કયાં અને કેવી રીતે જમાં કરાવવાની હોય છે?**

નિયત કરેલ ફી સરકારી ચલણથી "૦૨૦૨-જનરલ એજ્યુકેશન-૮૦૦-અધર રીસીપ્ટ" સદરે જમાં કરાવવાની હોય છે. ચલણથી ફી ભરવા માટે DEO/DPEO કચેરીના સહી/સિકકા કરાવ્યા બાદ ફી ભરવાની રહેશે.

**(૭) નવી પ્રાથમિક શાળા માટે નિયત કરેલ ફી ભરવાની કોઇ સમય મર્યાદા હોય છે કે કેમ?**

નવી પ્રાથમિક શરૂ કરવાની જાહેરાતમાં નિયત ફી ભરવા અંગે સમય મર્યાદા આપવામાં આવેલ હોય છે જે સમય મર્યાદાની અંદર ચલણ ભરાઇ જવું જોઇએ. સમય મર્યાદા બહારના ચલણ માન્ય રહેતા નથી અને ફાઇલ ના મંજૂર થઇ શકે છે.

**(૮) નવી પ્રાથમિક શાળા માટે ઓનલાઇન અરજી કર્યા બાદ ફાઇલ કયાં જમા કરાવવાની હોય છે?**

મહાનગરપાલિકા વિસ્તાર માટે શાળા શરૂ કરવા માંગતા હો તો જિલ્લા સંબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં અને જો જિલ્લા પંચાયત વિસ્તાર માટે શરૂ કરવા માંગતા હો તો સંબંધિત જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં ફાઇલ જમા કરાવવાની હોય છે.

**(૯) નવી પ્રાથમિક શાળા શરૂ કરવાની ફાઇલ સાથે કયા દસ્તાવેજી પુરાવા રજુ કરવાના હોય છે?**

ઓનલાઇન અરજી કરતી વખતે ફાઇલ સાથે જોડવાના સાધનિક પુરાવાની યાદી વેબસાઇટ ઉપર મુકવામાં આવે છે તે મુજબના પુરાવા ફાઇલમાં રાખી ફાઇલ જે તે અધિકૃત અધિકારીને જમા કરાવવાની હોય છે. આમ છતાં સમાન્ય રીતે નીચે યાદી મુજબના પુરાવા જરૂરી છે.

- ઓનલાઇન અરજીની પ્રીન્ટ કોપી.
- ટ્રસ્ટ રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની પ્રમાણિત નકલ/કંપની રજીસ્ટ્રેશનની પ્રમાણિત નકલ
- નિયત કરેલ ફી ના ચલણ અસલમાં
- ટ્રસ્ટ/મંડળનું બેંક બેલેન્સ સર્ટી/ કંપની ઓડીટ રીપોર્ટની નકલ
- શાળાના મકાનના આધાર (પોતાનું કે ભાડાનું), પોતાનું હોયતો આધાર રજુ કરવા
- ભાડાનું મકાન હોયતો રૂ. ૧૦૦ ના સ્ટેમ્પ ઉપર ઓછામાં ઓછો ૧૦ વર્ષનો ભાડા કરાર
- શાળાના મકાનનો નકશો (નકશામાં વર્ગખંડના ક્ષેત્રફળ, મેદાનના ક્ષેત્રફળ સહિત) જે સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ હોય તથા મકાનના અદ્યતન ફોટોગ્રાફ્સ. શહેરી વિસ્તારમાં ચિફ ઓફિસર, સત્તા મંડળના અધિકારી જયારે ગ્રામ્ય વિસ્તારમાં તલાટી કમ મંત્રી સક્ષમ અધિકારી ગણાશે.
- મકાન વાળી જમીનનો એન.એ. નો હુકમ. જો ગામતળની જમીન હોયતો પરવાનાની નકલ
- “મકાન શૈક્ષણિક હેતુ માટે વપરાશ યોગ્ય છે” તેવુ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર
- ત્રણ કિ.મી.ની ત્રીજયામાં આવતી શાળાઓના “ના વાંધા પ્રમાણપત્ર”
- સક્ષમ ઓથોરીટીનું ફાયર સેફ્ટી સર્ટીફીકેટ
- RTE Act ૨૦૦૯ ની અનુસુચીમાં જણાવ્યા મુજબ ભૌતિક સુવિધાઓ પુરતી અને પર્યાપ્ત છે તે બાબતના આધારો.
- બાળકોના મફત અને ફરજીયાત અધિકાર નિયમો ૨૦૧૨ ની અનુસુચી મુજબની બાંહેધરીઓ.
- ફી રેગ્યુલેશન એકટ- ૨૦૧૭ અને સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬ ના અમલની બાંહેધરી
- સંભવિત સ્ટાફના નામ, લાયકાતની વિગત સાથેનું પત્રક.
- શાળામાં ધોરણવાર દાખલ થનાર સંભવિત બાળકોની યાદી/સંખ્યા.
- ટ્રસ્ટ કે મંડળની અન્ય સંસ્થાઓ ચલાવવામા આવતી હોય તો તેની વિગતો આધાર સાથે.
- રમત-ગમતનું મેદાનઃ શહેર વિસ્તાર માટે-૧૨૦૦ ચો.મી., ગ્રામ્ય વિસતાર માટે -૨૦૦૦ ચો.મી. જે NA થયેલુ હોવું જોઇએ. જો મેદાન સંસ્થાની માલિકીનું ન હોય તો સંબંધિત મેદાનનો ઓછામાં ઓછા ૧૦ વર્ષનો ભાડા કરાર. રમત-ગમતના મેદાન તરીકે સોસાઇટી કોમન પ્લોટ ગ્રાહય રાખવામાં આવશે નહી.

**(૧૦) નવી પ્રાથમિક શાળા શરૂ કરવા માટે ફાઇલ જમા કરાવ્યા પછી કયારે અને કેવી રીતે મંજુરી આપવામાં આવે છે?**

સંબંધિત કચેરીએ ફાઇલ જમા કરાવ્યા બાદ સરકારી પ્રતિનિધિ સ્થળ ખરાઇ તથા તપાસ માટે આવતા હોય છે. સરકારી પ્રતિનિધિ સંસ્થાની મુલાકાત લઇ તેમનો અભિપ્રાય રજુ કરે છે. ત્યાર બાદ કચેરી દ્વારા માન્યતા આપવા કે નકારવાનો નિર્ણય કરવામાં આવે છે. જુનમા નવું સત્ર ખુલ્યા પહેલા સંબંધિત કચેરીએથી આદેશ આપવામાં આવતા હોય છે.

**(૧૧) જો મંજુરી નકારવામાં આવે તો, શુ કરવું જોઇએ?**

સંબંધિત કચેરી તરફથી કારણો સહ મંજુરી નકારવામા આવે ત્યારે આદેશની નકલ સાથે અરજી ના મંજૂર કરવાના કારણો સંદર્ભે જરૂરી પુરાવા તથા અરજી સમયે જોડેલ તમામ પુરાવા જોડી નકારવામાં આવેલ કારણોના મુદ્દાવાર જવાબો સાથે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર ખાતે હુકમ મળ્યાથી દિન- ૩૦માં અપીલ કરવાની હોય છે.

**(૧૨) કયા પ્રકારના મકાનમાં શાળા ચાલુ કરી શકાય?**

સામાન્ય રીતે રહેણાંક હેતુ/ શૈક્ષણિક હેતુ માટે મંજૂરી મેળવેલ હોય તેવા મકાનમાં શાળા શરૂ કરી શકાય. વાણિજિયક હેતુ માટે મંજૂરી મળેલ હોય તેવા મકાનમાં શાળા શરૂ કરી શકાય નહી.